# મહાત્મા ગાંધીજી નું સમાજદર્શન:

સેમ -4 કોર અને ઇલેક્ટિવ-212

બિપિનભાઈ વાઘેલા

## ગાંધીજીની દ્રષ્ટિએ મહિલાઓને દરજ્જો:

મહાત્મા ગાંધીજી એક એવા સમાજનું નિર્માણ કરવા ઇચ્છતા હતા .બુનિયાદ ન્યાય,સમાનતા અને શાંતિ પર આધારિત હોય. આ મહત્વપૂર્ણ ઉદ્દેશની પ્રાપ્તિ હેતુ કે સમાજના બે આધારભૂત અંગ પુરુષ અને સ્ત્રીને વચ્ચે સમાનતા બધા તત્વ ધરાવતો હોય. દેશને સમન્વિત તથા શાંતિ પૂર્ણ વિકાસ માટે લૈંગિક સમાનતા એ પૂર્વનિર્ધારિત શરત છે.

ગાંધીજીએ ઉત્કૃષ્ટ શબ્દોમાં "સ્ત્રીને હું ઈશ્વરની સર્વોત્તમ કૃતિ છે, તે અહિંસાનો અવતાર છે તથા પોતાના ધાર્મિક આગ્રહોના પરિપ્રેક્ષ્યમાં તે પુરુષ જાતિની કોષો આગળ છે."

## ***સ્ત્રી સન્માનનો ભાવ:***

જે સ્ત્રીઓએ તેમના પર ઊંડી અસર કરી તેમાં તેમની માતા અને બહેન નું પ્રથમ અને મહત્વપૂર્ણ સ્થાન છે. ગાંધીજીએ પોતાની રચનાઓ અને ઉદાહરણોમાં પોતાની માનતાઓ સૌથી વધુ ઉલ્લેખ કર્યો છે. પ્રથમ અધ્યાય તેમને પોતાની માતા પાસેથી જ શીખી ગયા છે. વિવાહ પછી કસ્તુરબા તેમના જીવનમાં આવ્યા. જેમણે તેમના ભાવિ વ્યક્તિત્વના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. એ જ રીતે આશ્રમવાસી બહેનો માં મીરાબાઈ અને અમૃતકોર સજગતા તથા પ્રતિબદ્ધતા થી તેઓ ઘણા પ્રભાવિત થયા.

## ***સ્ત્રી પુરુષ સમાનતા:***

ગાંધીજી કહે છે કે શ્રી માતા છે. અને કરુણા,પ્રેમ તથા ત્યાગની મૂર્તિ છે. તે ઈશ્વરની સર્વ શ્રેષ્ઠ કૃતિ અને અહિંસાનો અવતાર છે. અહિંસા એટલે અસીમિત પ્રેમ. જેનો બીજો અર્થ એ કષ્ટ સહન કરવાનો અસીમિત ક્ષમતા. મનુષ્યની માતા એટલે કે સ્ત્રીને છોડીને બીજું કોણ છે આ ક્ષમતાને વધુ માત્રામાં પ્રદર્શિત કરે છે. યુદ્ધોમાં જ ઉલજેલી દુનિયાને પ્રેમ તથા શાંતિ ની કલા શીખવા તેનાથી જ સંભવ છે. પુરુષોએ એક સાજિશ દ્વારા સ્ત્રીઓને દબાવીને દુનિયાને નફરત તથા યુદ્ધમાં ધકેલી દીધી છે. હજારો વર્ષ પહેલાંથી જ સ્ત્રીઓ પર આધિપત્ય શરૂ થઈ ગયું છે. દુનિયામા શોષણ ની શરૂઆત પુરુષ દ્વારા સ્ત્રીઓના શોષણ થી થઈ છે. ગાંધીજી કહે છે કે, સ્ત્રી-પુરુષ વચ્ચે જ ભેદો કુદરતી મૂક્યા છે. અને જે નરી આંખે જોઈ શકાય છે.મારામાં મત પ્રમાણે કાયદાએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદ ન હોવો જોઈએ.

## સ્ત્રીઓની વિશિષ્ટતાને રક્ષા:

ગાંધીજીના મત અનુસાર સમાનતાનો અર્થ એવો નહીં કે જેને આજકાલ નારીવાદી માને છે. ગાંધીજી કહે છે કે સ્ત્રી પુરુષ સમાનતા નો અર્થ નથી એ નથી કે બંને સરખા વ્યવસાય કરે. પ્રકૃતિએ સ્ત્રી-પુરુષને એકબીજાના પુરુષ બનાવ્યા છે. જેવી રીતે સ્ત્રી પુરુષના આકાર પ્રકારમાં ભેદ છે તેવી જ રીતે તેમના કાર્યો પણ મર્યાદિત છે. ગાંધીજી ઈચ્છે છે કે પુરુષ પરિવાર માટે ભરણ-પોષણના સાધનો મેળવે છે અને સ્ત્રીઓ એ બાળકોના લાલન-પાલન તથા ઘરેલુ જરૂરિયાત ની જવાબદારી નિભાવી. સ્ત્રીઓ મુખ્યરૂપથી ઘરની ગૃહિણી હોય છે. નાના બાળકોની ઉત્તમ પરિવરીશ તેમની મુખ્ય જવાબદારી છે.

## સ્ત્રી જ પુરુષની સાચી સાથીદાર:

સેવાના ધર્મકાર્યોમાં સ્ત્રી જ પુરુષની સાચી મદદગાર અને સાચી છે. જે રૂઢી અને કાયદાના ઘડતરમાં સ્ત્રીનો કશો હિસ્સો નહોતો ને જેને માટે કેવળ પુરુષ જ જવાબદાર છે તે કાયદા અને તે રૂઢિના જુલમ નીચે કચડાતી આવી છે. અહિંસાના પાયા પર રચાયેલી જીવનની યોજનામાં પુરુષને પોતાનું ભાવિ નિર્માણ કરવાનો જેવો અને જેટલો અધિકાર છે તેવો ને તેટલો જ પોતાની ભાવિ નક્કી કરવાનો હક છે. એ નિયમોના પાલન માટે બહારની કોઈ સત્તાની જબરજસ્તી કામ ન આવે. સ્ત્રીઓ સાથેના પોતાના વર્તનમાં કે વહેવારમાં પુરુષોએ આ સત્યને પૂરેપૂરુ ઓળખું નથી. હિન્દુસ્તાની સ્ત્રીઓએ આ હલકા દરજ્જો પરથી હાથ પકડીને ઉપર લેવાનો ખાસ અધિકાર સમાજનો છે.

## અસમાનતામાં સમાનતા:

ગાંધીજી કહે છે કે એમાં શક નથી કે ક્યાંક ને ક્યાંક એક ચોક્કસ સ્થળેથી સ્ત્રી અને પુરુષ બેઉના કાર્યક્ષેત્ર નોખા ફટાય છે. માતૃત્વનો ધર્મ છે મોટાભાગની મહિલાઓ સદાકાળ સ્વીકારશે, તે એવા ગુણો માંગી લે છે જે પુરુષને સારું જરૂરી નથી. મહિલા સ્વભાવ કરીને નિવૃત્તિ પસંદ કરવાની છે, પુરુષ ક્રિયા પરાયણ છે. મહિલા મળે ઘરની રાણી થઈને રહેનારી છે. પુરુષ રોટી કમાનારો છે, મહિલા તેની સાચવણી કરનારી અને રોટી વેંચીને પીરસનાર છે.પુરુષ જાતનું સંગોપન કરનારી છે. આમ મહિલા અને પુરુષ વચ્ચે અસમાનતામાં પણ સમાનતાના દર્શન થાય છે.

## <u>સ્ત્રીએ દાસી નહીં પણ દેવી:</u>

સ્ત્રી શારીરિક બળ માં પુરુષ ની બરાબરી કરી શકતી નથી પરંતુ આધ્યાત્મિક બળ એ પુરુષોથી વધુ છે. તેથી જો સીતા ની જેમ તેમની અંદર સતીત્વની જ્યોત જલતી હશે તો તે મધ્યમરાત્રીમાં પણ નિર્ભય થઈને ત્યાં ચાહે ત્યાં એકલી જઈ શકે છે. તેની નિર્મળતા અને તેનું સતીત્વ છે. એટલે આત્માની પવિત્રતા વધુ મહત્વપૂર્ણ છે. ગાંધીજીએ સ્ત્રીઓને કહયું- પોતાના શોખ અને મનની વાસના ગુલામ ન બનો. તમારું હૃદય પુષ્પ ખીલશે તો તમે કોઈ ખાસ પુરુષના મનમાં મોહી તો થવાને બદલે પુરી માનવજાતિએ પોતાની દેવી ત્વ થી મુગ્ધ કરી દેશો. માટે પુરુષ દેવ છે તો સ્ત્રી તેની સમાન દેવી છે.

## <u>અર્ધનારીશ્વર તથા અર્ધનારેશ્વર:</u>

ગાંધીજી પુરુષ અને સ્ત્રી બન્ને એકબીજાના અર્ધાંગના તથા પૂરક માનતા હતા.રામધારીસિંહ લખ્યું છે કે-"ગાંધીજી પ્રત્યેક નરને 'અર્ધનારીશ્વર' અને પ્રત્યેક નારીને 'અર્ધનારેશ્વર' બનાવવા ઇચ્છતા હતા .તેઓ સ્ત્રી પુરુષની સાથે- સાથે રહેતા, પુરુષના દ્રષ્ટિકોણમાં ગુણાત્મક બદલાવ ઇચ્છતા હતા. ગાંધીજી એક સભામાં કહ્યું કે," હું આશા રાખું છું કે આપ લોકો નો ઈરાદો નહીં હોય કે પશ્ચિમી દેશોની જેમ ભારતની સ્ત્રીઓ પણ પુરુષોથી બિલકુલ જ સ્વતંત્ર રહે. આ ઘટના ભારતીય સંસ્કૃતિની નથી. તેઓ લગ્નને સ્ત્રીઓ માટે અનિવાર્ય બંધન ના રૂપમાં સ્વીકાર કરતાં નહોતાં. તેઓ ઈચ્છતા હતા કે બંને પોત પોતાના વ્યક્તિત્વ વિકસિત કરે.તેઓ તો એવી આદર્શ સ્થિતિ ની વકીલાત કરતા હતા. જેમાં પુરુષ અને સ્ત્રી બન્ને બ્રહ્મચર્યનું પાલન કરે. બંને એકબીજાની મુક્તિમાં સહયોગ કરો. તેમાં 'બ્રહ્મચર્યના પ્રયોગો' ને આ દિશામાં આવેલ સમાનતાનું પગલું માનવું જોઈએ. તેઓ કહે છે કે સ્ત્રી-પુરુષ વચ્ચે જે ભેદો મૂક્યા છે. ને જે નરી આંખે જોઈ શકાય છે એ સિવાય કશા ભેદ મને માન્ય નથી.

## <u>અધિકાર ની સમાનતા:</u>

સ્ત્રીઓના અધિકારો વિશે એ કે બાબતમાં હું જ્યારે પડતું મૂકવા ને તૈયાર નથી. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. દીકરી નો હિસ્સો દીકરાના જેટલો જ હોવો જોઈએ. જે પત્ની પ્રત્યે અનન્ય પૂર્વક વર્તતો હોય તેને તેનાથી છુટા રહેવાનો અધિકાર છે. બાળક ઉપર બન્નેનો સરખો હક્ક છે.મોટા થાય એટલે કાંઈ નહીં. પત્ની નાલાયક હોય ત્યારે તેનો હક ઊઠી જાય છે. તેમ જ પતિ વિશે સ્ત્રી કે પુરુષની સહભાગી છે. તેના સરખા જ મનવાળી છે, પુરુષની બધી પ્રવૃત્તિ સૂક્ષ્મતા એ જાણવાનો તેને અધિકાર છે, જેટલી છૂટ પુરુષ ભોગવે તેટલી તેને ભોગવવાનો હક્ક છે અને જેમ પુરુષ પોતાના ક્ષેત્રમાં સર્વોપરી તેમ સ્ત્રી પોતાના ક્ષેત્રમાં છે.આ સ્થિતિ સ્વાભાવિક હોવી જોઈએ. એ કંઈ અક્ષરજ્ઞાન ના પરિણામ નહીં. હોય આપણા ઘણા કાર્યો પૂરા શોધી નીકળતા નથી.

## સ્ત્રી પુરુષ એક જ માનવ વંશ:

સ્ત્રી ને સારું શું જરૂરી છે એનો નિર્ણય પ્રમાણભૂત પણે અંતે સ્ત્રીએ જ કરવો પડશે. ગાંધીજીનો પોતાનો અભિપ્રાય એવોછે કે મૂળ પાસે જેમ પુરુષ તેમજ સ્ત્રી એક જ માનવવંશ છે, તેમ-તેમ નો કાયદો પણ અંતે મૂળ એક જ હોવો જોઈએ.આત્મારૂપે તો સ્ત્રી-પુરુષ બંને સરખા છે.બંનેમાં એક જ આત્મા વસે છે. બેઉ એક જ જીવન જીવે છે, એક જ જાતિની શબ્દ સ્પર્શ આદિ લાગણીઓ અનુભવે છે. એકબીજાનાં પૂરક છે. એકબીજાની સક્રિય સહાયતા વિના જીવી શકે નહીં. પ્રભુને પુરુષ અને સ્ત્રી મળીને એક અખંડ અને પૂર્ણ ઘટ માળા બનાવી છે તો બંને નો દરજ્જો સરખો જ છે.પુરુષ અને પુરુષ રહીને સ્ત્રી અને સ્ત્રી એ સ્ત્રી રહીને પુરુષ બને. એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો અને સ્ત્રીએ પુરુષ બનવું એટલે પોતાની ભીરુતા છોડી હિંમતવાળી અને બહાદૂર બનશો. પુરુષ એક જ માનવવંશ છે.

## આર્થિક સમાનતા:

દોલત પતિ કમાઈ તેમાં પતિ-પત્ની બંને સરખા હકદાર છે. પતિ પત્નીની મદદથી જ કમાય છે. પછી ભલે પત્ની રસોઈ કરતી હોય. તે દાસી નથી, ભાગીદાર છે. પુરુષને મજૂરીને માટે કલાકના હિસાબે જ મહેનતાણું આપવામાં આવશે તે જ મહેનતાણું સ્ત્રીઓને આપવામાં આવશે. સ્ત્રી-પુરુષને વચ્ચે મજૂરીના દરમાં ફેરફાર હોય નહીં. આપણે પુરુષ એ વાતનો સ્વીકાર ન કરીએ તો તે વાત જુદી છે. નવી રચનાઓમાં સ્ત્રીઓ આખો વખત નહીં પણ અમુક વખત કામ કરવાની હશે અને તેમનો મુખ્ય વ્યવસાય ઘર કુટુંબ સંભાળવાનો હશે. એ નવી રચનામાં હું બંદૂક ને એક સ્થાયી અંગે તરીકે ગણતો નથી. તેથી પુરુષો માટે પણ તેનો ઉપયોગ ને ઉત્તરોત્તર વધુને વધુ મર્યાદિત કરવામાં આવશે. અને એક તત્પૂરતી અનિવાર્ય બુરાઈ તરીકે સહન કરવામાં આવશે પણ એ બુરાઈનો ચેપ સમજીને બુજીને સ્ત્રીઓને નહીં લાવવા દવ. આર્થિક આત્મનિર્ભરતા ની સ્ત્રી સશક્તિકરણ માટે જરૂરી છે.તેથી તેમણે કહ્યું છે કે ઉત્તરાધિકાર તથા સંપત્તિ સાથે સંબંધિત ઘટનાઓમાં સ્ત્રીઓને પુરુષ ના બરાબર અધિકાર સુનિશ્ચિત હોય.તેમણે સ્ત્રીઓને આર્થિક આઝાદી આપવાની પણ વકાલત કરી.

## સામાજિક રાજકીય ભાગીદારી:

ગાંધીજીએ સ્ત્રીઓને કહ્યું કે મંદિરોમાં માળા જાપ કરવાની બદલે ચરખો કાપીને દેશને સ્વરાજ્ય તથા સ્વાવલંબન આ યજ્ઞમાં યોગદાન આપો.તેમણે સાર્વજનિક જીવનમાં પણ સ્ત્રીઓને વ્યાપક ભાગીદારીની અપીલ કરી. શરાબની દુનિયાનો અને વિદેશી વસ્તુ સંસ્થાના ઘેરાવ ના કાર્યો મુખ્યરૂપે સ્ત્રીઓએ જ કર્યા છે.ગાંધીજી દ્વારા અહિંસક જનસંઘર્ષ માં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી વકાલત કરવી તેમની મૂળ અવધારણા વિપરીત નથી કે સ્ત્રીઓ ઘરની પાલક – પોષક છે. સત્યાગ્રહ તથા અહિંસક સંઘર્ષમાં ભાગીદારી સુનિશ્ચિત કરી મહિલાઓ સંપૂર્ણ માનવતાના પાલક - પોષણની પોતાની જવાબદારીને વધુ વિસ્તૃત તેમજ સુવ્યાપક કરે છે. ગાંધીજી માનતા હતા કે સ્વતંત્રતા વિના બધા પ્રકારની સ્વતંત્રતા તથા નૈતિકતાની વાતો બેઈમાની છે. મહિલાઓએ પુરુષ સમાન સામાજિક રાજકીય ભાગીદારી નોંધાવી છે. સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઇએ તેનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે.

## શિક્ષણની સમાનતા:

સ્ત્રીઓને શિક્ષણ મળવું જોઈએ.તેમણે છોકરાઓ અને છોકરીઓ માટે સમાન શિક્ષણ નું સમર્થન કરવું. 1937માં ‘બુનિયાદી રાષ્ટ્રીય શિક્ષણ યોજના’ અંતર્ગત ગાંધીએ ૭ થી ૧૪ વર્ષના છોકરાઓ અને છોકરીઓ બંને માટે મફત અને ફરજીયાત શિક્ષણનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ 1937સુધી આવતા તેમણે પોતાના વિચારોમાં બદલાવ કરતા એ બાબતો પ્રસ્તાવ રાખ્યો કે ચોથા કે પાંચમા ધોરણ સુધી તો છોકરાઓ અને છોકરીઓ બંને નો અભ્યાસક્રમ સરખો હોવો તથા છઠ્ઠા ધોરણ પછી છોકરીઓના અભ્યાસક્રમમાં ગૃહવિજ્ઞાન અને પણ સામેલ કરવું જોઈએ.છોકરીઓના ગૃહ છોકરીઓના ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને ‘અખિલ ભારતીય મહિલા સંમેલન’ ના પ્રયાસોથી 1932માં સાયન્સ કોલેજની સ્થાપના થઇ. ગાંધીજીએ મહિલાઓને શિક્ષક ના રૂપમાં પ્રાથમિકતા આપી અને 1931માં ‘અખિલ ભારતીય મહિલા સંમેલન’માં સ્ત્રીનો આ પ્રસ્તાવ પાસ કર્યો કે જ્યાં સુધી સંભવ હોય ત્યાં પ્રાથમિક અવસ્થાના છોકરા અને છોકરીઓ બંને માટે મહિલા શિક્ષકોની નિયુક્તિ ને પ્રાથમિક આપવી જોઈએ.

## બધી કુર્તીઓ નો અંત થાય અને સમાનતા સ્થપાય:

ગાંધીજી સ્ત્રીઓની સમગ્ર મુક્તિ ઈચ્છનારા હતા.તેમણે દહેજ પ્રથા, બાળવિવાહ, સતીપ્રથા, પડદાપ્રથા વૈવિધ્ય એક અભિશાપ  વગેરે તમામ કુ રીતિ નો વિરુદ્ધ અવાજ તો ઊઠાવીને તેઓ દહેજ આધારિત વિવાહને વેપાર કરતા. તેમણે દહેજ પ્રથાની સાથે-સાથે જ્ઞાતિ પ્રથાની નાબુદી માટે પણ આંતર જ્ઞાતિય અને આંતર વર્ણીય વિવાહની વકાલત  કરી હતી. તેઓ છોકરા અને છોકરી ની સંમતિ વિના ના વિવાહ ના વિરોધી હતા. તેમણે બાળ લગ્નો પણ વિરોધ કરેલો. તેઓ માનતા હતા કે પુનર્વિવાહ નો જેટલો અધિકાર વિદુર નો છે તેટલો જ અધિકાર વિધવાઓ નો છે. ગાંધીજીએ પણ પડદા પ્રથા ને પૂર્ણ અને સમાજ માટે અહીંતકારી ગણી  છે. તેમણે આને સ્ત્રી પવિત્રતાની રક્ષક માનવાનો ઇનકાર કર્યો છે. તેની ઉત્પત્તિ અને વિકાસ અંદરથી જ થવો જોઈએ. તેમણે વેશ્યાવૃત્તિને સ્ત્રીઓની  બદતર હાલતમાં શરમજનક ઉદાહરણ માન્યો અને તેનો નાશ કરવામાં ઘણા પ્રયત્નો કર્યા. તેથી તેમણે કહ્યું કે સ્વરાજ્ય નો અર્થ પતિતોનો ઉદાર. જે રિવાજો પુરુષોને લાગુ થાય તે તમામ રિવાજો સ્ત્રીઓને પણ લાગુ પડે એમ સમદૃષ્ટિ જરૂરી છે.

## ગાંધી ના ચશ્મા:

છોકરીઓના ખંભા પર હાથ રાખીને ફરવા નીકળે છે તથા પ્રાર્થના સભામાં જાય છે. આને પશ્ચિમના રંગમાં રંગાયેલા વિચારક ની સાથે- સાથે ભારતીય સંસ્કૃતિના ઠેકેદાર પણ એ જ રૂપમાં પ્રચાર કરે છે જાણે ગાંધી બૂઢાપાની સાથે રાસ- રંગમાં ડબ્યા છે. આ લોકો એ સમજવાનું જરૂરી છે કે ગાંધીજીને છોકરાઓ કે છોકરીઓ ના કોઈ ભેદભાવ ન હતો. બંને સરખા સ્વાગતને યોગ્ય છે. આ સંબંધમાં શ્રી ભગવાનસિંહ લખે છે– "ભારતમાં દીકરાને જ બુઢાપા નો સહારો માનવામાં આવે છે. પરંતુ ગાંધીજીએ જીવનની અંતિમ દિવસોમાં ચાલવા માટે આભા તથા મનુના ખંભા નો સહારો લઇ સ્ત્રી વિરોધી સમાજને એ જ સંદેશો આપ્યો કે છોકરીઓ પર છોકરાઓની જેમ બુઢાપા નો સહારો બની શકે છે. છતાં જે રાષ્ટ્રપતિને સહારો આપી શકે,એવી શક્તિને, રાષ્ટ્રના નિર્માણમાં કેવી રીતે ઉપેક્ષિત કરી શકાય? ગાંધીજીએ કહ્યું કે "મારું જીવન એજ મારો સંદેશ" તેથી સ્ત્રીઓની સાથે તેમણે જે જીવન જીવ્યા, તેને સમગ્ર રીતે જોતાં એમ કહી શકાય કે સશક્તિકરણ ના સંદર્ભમાં ગાંધીજીના વિચાર આજે પણ અનુકરવા યોગ્ય છે. જાતીય સમાનતા માટે ગાંધીના ચશ્મા ખૂબ ઉપયોગી છે. તેના માટે સેકસીરંગ ના ચશ્મા થી આપણે મુક્ત થવું પડશે. ગાંધીજી કહે છે કે સ્ત્રી અને પુરુષની સમાનતા ને હું માનનારો છું અને સ્ત્રી તેમજ પુરુષ બંનેને એક જાતના હક હોય કે સિવાય બીજી રીતે વિચાર કરી શકતો નથી.

## ઉપસંહાર:

વર્તમાન સમયમાં સમગ્ર દુનિયામાં પુરુષ વર્ચસ્વના વિરોધમાં ઊભા થયેલા નારીવાદી આંદોલનથી સ્ત્રીઓની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. સ્ત્રી તો પુરુષ ની પૂર્તિ રૂપે બનવું રહ્યું છે ખરેખર તો સ્ત્રી સાચી મુક્તિ તો સ્ત્રી હોવા માં છે. પુરુષ એ પુરુષ રહીને સ્ત્રી અને સ્ત્રી એકલી રહીને પુરુષ બને. પુરુષ સ્ત્રી થવું એટલે સ્ત્રીની નમ્રતા અને વિવેક શીખવો અને સ્ત્રી પુરુષ બનવું એટલે પોતાની ભીરુતા જોડી હિંમતવાન અને બહાદુર બનો.21 મી સદીમાં પણ આપણે સૌએ માત્ર કાયદાકીય રીતે નહીં પણ મનથી,સમજદારીથી,સારી રીતે સ્વીકારવું રહ્યું.